ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૩૩.૦° સે.	૨૬.૦° સે.
બારડોલી	૩૨.૦° સે.	૨૪.૦° સે.
ભરૂચ	૩૪.૦° સે.	૨૬.૦° સે.
વ્યારા	૩૨.૦° સે.	૨૪.૦° સે.

સંક્ષિપ્ત સમાચાર

કીમમાં એપાર્ટમેન્ટના પાર્કિંગમાં મૂકેલી બાઇકની ચોરી

કિરણ ઠોરિયા

કીમ: કીમના ગણેશનગર વિસ્તારમાં આવેલા ક્રિષ્ના એપાર્ટમેન્ટના રૂમ નં.221માં રહેતા 24 વર્ષીય ગૌરવ રણજીતસિંગ રાજપૂતે પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ (નં. GJ 05 UC 6795) એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પાર્ક કરી હતી. તા.10 સપ્ટેમ્બરના રોજ રાત્રે અજાણ્યો ઇસમ મોટરસાઇકલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જે અંગે કીમ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

અંબિકાના વહેવલ ગામનું ગૌરવ

ભોરિયા: અંબિકાના વહેવલ ગામની ઈનાક્ષી ભોરિયાએ દેશની અત્યંત કઠિન ગણાતી CSIR NET જૂન-2026 પરીક્ષામાં 67,500 વિદ્યાર્થીમાંથી 124મો રેન્ક મેળવીને દેશભરમાં ડંકો વગાડ્યો છે. દમણની ગવર્મેન્ટ કોલેજમાંથી બોટની વિષયમાં અભ્યાસ કરનાર ઈનાક્ષીએ ઓનલાઇન કોચિંગ અને અથાક મહેનતથી આ સફળતા મેળવી છે. અંતરિયાળ ગામડાંના સામાન્ય પરિવારમાંથી આવતી ઈનાક્ષીની આ અસાધારણ સિદ્ધિથી વહેવલ ગામ અને કોલેજ પરિવારમાં ભારે હરખ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

માંગરોળ વિસ્તારના ગણેશ પંડાલોની DYSP બી.કે.વનારે મુલાકાત લીધી

વિનોદ ચૌધરી

વાંકલ: માંગરોળ હદ વિસ્તારમાં ચાલી રહેલા ગણેશ ઉત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઈ રહે તે હેતુથી માંગરોળ વિભાગના DYSP બી.કે.વનારે ગણેશ પંડાલોની સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. તપાસ દરમિયાન DYSP બી.કે.વનાર વાંકલ ખાતેના ગણેશ પંડાલમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે શ્રીજીના સાદગીભર્યા વાતાવરણમાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. દર્શન કર્યા બાદ તેમણે પંડાલ અને આસપાસના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત તેમજ સુરક્ષા વ્યવસ્થાનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પંડાલ અને પ્રવેશદ્વાર પર ફરજિયાત CCTV કેમેરા ચાલુ સ્થિતિમાં રાખવા જણાવ્યું હતું. શોર્ટ સરકિટ કે આગની દુર્ઘટના ટાળવા માટે પંડાલમાં જરૂરી ફાયર સેફ્ટી (અગ્નિશામક સાધનો) વહેલી તકે રાખવા સૂચન કર્યું હતું.

કામરેજના ખોલવડ નજીક હાઈવે પર વાહન અડફેટે અજાણ્યા યુવકનું મોત

કામરેજ: સોમવારની સવારે કામરેજના ખોલવડ ગામની હદમાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઇવે નંબર 48 ક્રિષ્ના રેસિડન્સીની સામે રોડ ક્રોસ કરતાં અજાણ્યા ઇસમને અજાણ્યા વાહનચાલકે અડફેટમાં લેતાં તેનું મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરકચ્છમાં નિવૃત્ત શિક્ષકના ઘરેથી બાઇક ચોરાઈ

વ્યારા: ડોલવણના ઉમરકચ્છ ગામે નિવૃત્ત શિક્ષકના ઘરેથી બાઇક ચોરીની ઘટના સામે આવી છે. ગત તા.12-9-2026ના રોજ નવનીતભાઈ રામસિંગભાઈ ચૌધરી (ઉ.વ.73) (રહે.,ઉમરકચ્છ ગામઠાણ ફળિયું, તા.ડોલવણ)ના ઘરે પાર્કિંગમાં મૂકેલ મોટરસાઇકલ ગાડી નં.(GJ 19 L 6473) કિં.રૂ.10,000 કોઈ અજાણ્યા ઇસમ ચોરી કરી નાસી જતાં નિવૃત્ત શિક્ષકે ડોલવણ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તરસાડી કોલેજમાં શ્રીજીની સ્થાપના

પ્રતીકાત્મક ફોટો

હથોડા: આદર્શ કેળવણીમંડળ કોસંબા સંચાલિત સાયન્સ એન્ડ કોમર્શ કોલેજ, તરસાડી ખાતે ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. આ તબક્કે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડોદરામાં બાઇક સ્લિપ થવાથી હરિપુરાના આધેડનું મોત

પલસાણા: કડોદરા ખાતે GEB ઓફિસ સામે સુરત-કડોદરા મુખ્ય માર્ગ પર માર્ગ અકસ્માત સર્જાયો હતો. હરિપુરા ગામના નવા હળપતિવાસમાં રહેતા ૫૬ વર્ષીય અનિલભાઈ નાગરભાઈ પાટણવાડીયા પોતાની હોન્ડા યુનિકોર્ન બાઇક નં.(GJ-19-BP-4940) લઈને જઈ રહ્યા હતા, ત્યારે અચાનક સામે આવી ગયેલા સાઇકલ ચાલકને બચાવવા જતાં બાઇક સ્લિપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં અનિલભાઈને માથા અને ચહેરાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે વૈશાલીબેન પટેલની જાણના આધારે કડોદરા GIDC પોલીસે મૃતક બાઇક ચાલક સામે જ ગુનો નોંધી આગળની તપાસ PSI જે.ડી.મીરે હાથ ધરી છે.

દોડવાડા ગામે સાત દિવસીય શિબિર યોજાઈ

ભરૂચ: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજીના NSS યુનિટ દ્વારા વાલિયાના દોડવાડા ગામ ખાતે પથી ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન ૭-દિવસીય NSS વિશેષ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસીય શિબિર દરમિયાન NSSના સ્વયંસેવકોએ વિવિધ સામુદાયિક સેવાનાં કાર્યો, ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ, જાગૃતિ કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાનો, આંખની તપાસ શિબિર અને સામાજિક સંપર્ક અભિયાનોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. શિબિરનો સમાપન સમારોહ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં દોડવાડા ગામના ડેપ્યુટી સરપંચ વિજયભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો.શ્રીકાંત જે. વાઘ, ડીન (સ્ટુડન્ટ અફેર્સ) ડો.સ્નેહલ લોખંડવાલા, NSS કોઓર્ડિનેટર ડો.સતીશકુમાર વર્મા, NSS પ્રોગ્રામ ઓફિસર મિત્તલ પંચાલ તેમજ NSS સમિતિના સભ્યો, વિભાગીય વડાઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાયખા GIDCની કેમિકલ કંપનીમાં ભીષણ આગ

આગ લાગતાં કંપની પરિસરમાં કામ કરી રહેલા શ્રમિકો અને કર્મચારીઓમાં અફડાતફડી મચી

આગ લાગવાનું પ્રાથમિક કારણ હજુ સુધી અકબંધ

ભરૂચ: ભરૂચના સાયખા GIDCમાં આવેલી 'મોરડિયા કેમિકલ કંપની'માં મંગળવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. કેમિકલના જથ્થાના કારણે આગે ક્ષણવારમાં જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં કંપની પરિસરમાં કામ કરી રહેલા શ્રમિકો અને કર્મચારીઓમાં અફડાતફડી મચી ગઈ હતી.

આગ લાગ્યા બાદ આકાશમાં કાળાડિબાંગ ધુમાડાના ગોટેગોટા કેટલાય કિલોમીટર દૂર સુધી સ્પષ્ટપણે જોઈ શકાતા હતા. કેમિકલ કંપની હોવાના કારણે આસપાસની અન્ય ઔદ્યોગિક યુનિટ્સ અને વિસ્તારમાં પણ ભારે ચિંતા અને ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ભરૂચ અને આસપાસનાં ફાયર સ્ટેશનોમાંથી ફાયર ફાઇટરોની ટીમો તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે રવાના થઈ ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓ દ્વારા આધુનિક સાધનો અને ફોમ ટેન્કરોની મદદથી આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.

કેમિકલના જ્વલનશીલ પદાર્થોને કારણે આગ વારંવાર પુનઃ ભડકી રહી હોવાથી ફાયર બ્રિગેડના લાશ્કરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સાવચેતીના પગલે આસપાસના વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે અને અન્ય કંપનીઓને પણ એલર્ટ કરી દેવાઈ છે. આગ લાગવાનું ચોક્કસ પ્રાથમિક કારણ હજુ સુધી અકબંધ છે. કોઈ શોર્ટ સર્કિટ કે કેમિકલ પ્રક્રિયા દરમિયાન આ દુર્ઘટના ઘટી છે, તે અંગે હાલમાં તપાસ ચાલી રહી છે. સદનસીબે હજુ કોઈ જાનહાનિ કે મોટી ઈજાના અહેવાલો પ્રાપ્ત થયા નથી.

પાસોદરા પાટિયા પાસે રિક્ષાની ટક્કરે મોપેડસવાર વૃદ્ધાનું મોત

સાળાનું અવસાન થતાં દંપતી વાલક પાટિયા ગયું હતું

કામરેજ: સુરત-કામરેજ રોડ પર પાસોદરા પાટીયા નજીક મોપેડ પર સાળાના ઘરેથી આવતાં દંપતીને અજાણ્યા રિક્ષાચાલકે ટક્કર મારતા પત્નીનું મોત નીપજ્યું હતું.

જામનગરના ભરડકી ગામના અને કામરેજના ખોલવડ ગામે લક્ષ્મીધામ સોસાયટીમાં ઘર નં.72 માં વલ્લભભાઈ દેવરાજ સંધાણી રહે છે. દસ દિવસ અગાઉ વાલક પાટિયા નજીક રહેતા સાળાનું અવસાન થતાં પત્ની હેમીબેન (ઉ.વ.72) સાથે ગયા હતાં. સોમવારના રોજ બપોરના 3.00 કલાકે સાળાના ઘરેથી ખોલવડ પોતાના ઘરે મોપેડ (નં. જીજે 05 એસકે 5246) લઈને સુરત-કામરેજ રોડ પર પાસોદરા પાટિયા પાસે મામાદેવના મંદિર નજીક આવી રહ્યા હતા, ત્યારે મોપેડને સાઈડમાંથી અજાણ્યા રિક્ષાચાલકે ટક્કર મારતાં વૃદ્ધ દંપતી મોપેડ પરથી રોડ પર પટકાતાં પાછળ બેસેલા હેમીબેનને માથામાં ઈજા થતાં સારવાર માટે સુરતની ખાનગી હોસ્પીટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જે અંગે વલ્લભભાઈ સંધાણીએ અજાણ્યા રિક્ષાચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

કામરેજના ઉંભેળ બ્રિજ પર અજાણ્યા વાહન અડફેટે યુવકનું મોત

કામરેજ: મૂળ બિહારના અને હાલ પલસાણાના વરેલી ગામે વ્રજધામ સોસાયટીમાં ભાડેથી અને વરેલી ખાતે મિલમાં નોકરી કરતો દિનેશ જગધારીસિંહ યાદવ (ઉ.વ.35) સોમવારની રાત્રે ચાલતો ચાલતો ઉંભેળ ગામની હદમાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર બ્રિજ ઉતરતા અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું.

ધુલિયા હાઈવે જોખમી: ટોલ ટેક્સ વસૂલાત સામે સુવિધા શૂન્ય!

અનેક જગ્યાએ મસમોટા ખાડા પડતાં વાહન ચાલકો પરેશાન

વ્યારા: તાપી જિલ્લામાંથી પસાર થતો સુરતના હજીરાથી મહારાષ્ટ્રના ધુલિયા તરફ જતો નેશનલ હાઈવે નં.૫૩ હંમેશાં વિવાદોમાં રહ્યો છે. એકતરફ ગુજરાતમાં વાહનચાલકો પાસેથી સૌથી વધુ ટોલ વસૂલનાર આ હાઈવે પર ઠેર ઠેર અનેક જગ્યાએ ખાડા પડ્યા છે. જેને કારણે નેશનલ હાઈવેની બિસમાર હાલતને કારણે વાહનચાલકોને સતત અસ્કમાતનો ભય સતાવી રહ્યો છે. તાપી જિલ્લામાં વાલોડના બાજીપુરાથી લઈને વ્યારા, સોનગઢ અને ઉચ્છલ તાલુકામાંથી પસાર થતો આ હજીરા-ધુલિયા નેશનલ હાઈવે નં.૫૩ હંમેશાં વિવાદોમાં રહેતો આવ્યો છે. હાલ ચોમાસા દરમિયાન હાઈવે પર અનેક જગ્યાએ મસમોટા ખાડાને કારણે વાહનચાલકો મુશ્કેલી વેઠી રહ્યા છે. ત્યારે વાહનચાલકો પાસેથી મસમોટો ટોલ વસૂલવા છતાં હાઈવેની ખરાબ હાલત થતાં સુવિધાના નામે મીંડું હોય તેવું દૃશ્યમાન થઈ રહ્યું છે. હાઈવે પર ઠેર ઠેર પડેલ ખાડાઓનું રિપેરિંગ પણ પેવર બ્લોક મુકીને કરવામાં આવ્યું હોવાથી નેશનલ હાઈવે ઓથોરિટીની કામગીરી પર અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. આ હાઈવે ઉપર તો ખાડા તો ખરા આ હાઈવેની બંને તરફના સર્વિસ રોડની બિસમાર હાલતને કારણે વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. તેમજ કેટલીક જગ્યાએ વાહનચાલકોને તેમના ગંતવ્ય સ્થાન પર જવા માટે રોંગ સાઇડ પર વાહન ચલાવવું પડતું હોય છે. જેને કારણે વારંવાર અકસ્માતની ઘટના સતત બનતી રહે છે, જેમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડે છે. તેમજ હાઈવે પર પડેલા મસમોટા ખાડાને કારણે વાહનોને પણ નાનું-મોટું નુકસાન થતું હોવાથી વાહનચાલકોને હાઈવે પર અવરજવર દરમિયાન વાહનોને નુકસાન થતાં આર્થિક નુકસાની ભોગવવી પડી રહી છે.

એના એક્સપ્રેસ વે નજીક ૩.11.52 લાખનો દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

૩.21.57 લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ

ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના એના ગામની હદમાં નેશનલ એક્સપ્રેસ વે નં.૪ પરથી પસાર થતા એક બંધ બોડી ની ટ્રકમાંથી સુરત એલસીબી પોલીસે વિદેશી દારૂનો માતબર જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં કુલ ૩.૨૧,૫૭,૮૦ ૦નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય ચાર આરોપીને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, મુંબઈના વસઈ ખાતેથી એક ટાટા ટ્રક નં.(MH-04-KU-7873)માં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી નેશનલ હાઈવે નં.૪૮ મારફતે વસઈ, વાપી, વલસાડ અને નવસારી થઈને પલસાણા નેશનલ એક્સપ્રેસ વેના એના ટોલ નાકા પાસેથી પસાર થઈ વડોદરા તરફ જવાની છે. આ બાતમીના આધારે પોલીસે એના ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી અને બાતમી મુજબની ટ્રક આવતાં તેને અટકાવી હતી.

ટ્રકની અંદર સઘન તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી ૩.૧૧,૫૨,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૧,૫૨૦ બાટલીઓ કબજે કરી હતી. આ ઉપરાંત ૩.૧૦ લાખની કિંમતની ટાટા ટ્રક, ૩.૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા ૮૦૦ મળી કુલ ૩.૨૧,૫૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ ગુનામાં પોલીસે ઘટના સ્થળેથી રાજસ્થાનના જોધપુર જિલ્લાના વતની અને ટ્રક ચાલક કૈલાસ સરવણરામ બિશ્નોઈ (ઉ.વ.૨૫)ની ધરપકડ કરી છે. ઉપરાંત આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ અન્ય ચાર ઈસમ જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરાવનાર મનોજ ઉર્ફે વિષ્ણુ, તેનો સંપર્ક કરાવનાર સુનીલ બિશ્નોઈ (રહે.,જોધપુર, રાજસ્થાન), ગોધરા હાઈવે પર માલની ડિલિવરી લેવા આવનાર અજાણ્યો ઈસમ તથા ટ્રકના માલિકને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. હાલમાં આ તમામ ફરાર આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પરવટ ગામે દૂધ ડેરીના પ્રમુખનો પશુપાલક પર લાકડીથી હુમલો

'દૂધની બચત બાબતે મારી સાથે કેમ બોલાચાલી કરી' કહી હુમલો કરતાં ગુનો દાખલ

માંડવી: અરેઠના પરવટ ગામના તોરણ ફળિયામાં દૂધની બચતના હિસાબ મુદ્દે થયેલી તકરારમાં દૂધ ડેરીના પ્રમુખે પશુપાલક પર લાકડી વડે હુમલો કરી હત્યાની ધમકી આપી હોવાનો બનાવ સામે આવ્યો છે. ઈજાગ્રસ્ત પશુપાલકને સારવાર અર્થે માંડવીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તડકેશ્વર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પરવટ ગામે તોરણ ફળિયામાં રહેતા અને પશુપાલન કરી ગુજરાન ચલાવતા રાકેશભાઈ કરશનભાઈ ચૌધરી (ઉ.વ.૪૭) ગત ૧૪ સપ્ટેમ્બરે બપોરે ગામની દૂધડેરીની સાધારણ સભામાં ગયા હતા. સભા દરમિયાન ડેરીના પ્રમુખ રોહિતભાઈ નગીનભાઈ ચૌધરી સાથે દૂધની બચતના હિસાબ બાબતે રાકેશભાઈને બોલાચાલી થઈ હતી. બાદ સાંજે આશરે સાડા છ વાગ્યાના સુમારે રાકેશભાઈ પોતાની બાઈક નં.(GJ-26-D-0435) લઈને દૂધ ભરવા નીકળ્યા હતા, ત્યારે ઘરના આંગણામાં જ રોહિતભાઈ હાથમાં લાકડી લઈને ધસી આવ્યા હતા. તેમણે બપોરે દૂધની બચત બાબતે મારી સાથે કેમ બોલાચાલી કરેલી? તેમ કહી ગાળાગાળી શરૂ કરી દીધી હતી. રાકેશભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા રોહિતભાઈએ તેમના હાથમાં રહેલી લાકડી રાકેશભાઈની પીઠના ભાગે ફટકારી દીધી હતી.

ઈજાના કારણે રાકેશભાઈ જમીન પર પડી જતાં અને બૂમાબૂમ કરતાં તેમની પત્ની નયનાબેન અને પુત્રી હેમાંગીની દોડી આવ્યાં હતાં અને તેમને વધુ મારથી બચાવ્યા હતા. હુમલાખોર રોહિતભાઈ જતાં જતાં આજે તો બચી ગયા છો, હવે પછી મળ્યા તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો.

હુમલા બાદ પુત્ર મિતેશે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ઈજાગ્રસ્ત પિતાને તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ આત્મીય હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. હોસ્પિટલના બિછાનેથી રાકેશભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે તડકેશ્વર પોલીસે આરોપી રોહિત ચૌધરી સામે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ વસાવાએ વધુ તપાસ હાથ ધરી છે.

નાની બેડવાણ ગામે એક્સપાયરી લોટનું ચેકિંગ, સેમ્પલ લીધાં 'ફ્રેશ'!

મામલતદારની રજૂઆત બાદ ફૂડ એન્ડ ડ્રગ્સ ટીમે દુકાને તપાસ હાથ ધરી

ચિકદા: ચિકદાના નાની બેડવાણ ગામે આવેલી કથિત "ચિંતન ફેડર્સ" દુકાનમાંથી ગ્રાહકોને કથિતપણે એક્સપાયરી ડેટનો ઘઉં લોટ વેચવામાં આવતો હોવાની રાવ ઊઠતાં ચકચાર મચી ગઈ છે. આ મામલે અરજદાર કાળુભાઈ પટેલે ગંભીર આક્ષેપ કર્યો છે કે એક્સપાયરી લોટ ગ્રાહકોને વેચવામાં આવતો હોવાને કારણે ગરીબ અને આદિવાસી લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા થવાની ભીતિ ઊભી થઈ છે. આ મુદ્દે તેમણે ચિકદા તાલુકાના મામલતદાર કચેરીમાં રજૂઆત કરી હતી. મામલો ગંભીર જણાતાં મામલતદારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને વધુ કાર્યવાહી માટે જાણ કરી હતી. જેના પગલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ નાની બેડવણ ગામે પહોંચીને ચિંતન ફેડર્સ ખાતે તપાસ હાથ ધરી છે.

કાળુભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે, લોટના એક્સપાયર પેકેટનાં તંત્ર દ્વારા હજુ સુધી સેમ્પલ લેવામાં આવ્યાં નથી. તેની જગ્યાએ ફ્રેશ પેકિંગવાળા લોટનાં સેમ્પલ લેવામાં આવ્યાં છે. તેમનું કહેવું છે કે ટીમ તપાસ વખતે દુકાને પહોંચી ત્યારે તેમની નજર સમક્ષ ચોખા, વટાણા, ચણા અને તુવેર સહિતની ખાદ્ય સામગ્રી ખુલ્લા કોથળામાં રાખવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જોકે, આ મુદ્દે હજુ સુધી તપાસમાં કોઈ ચોક્કસ વિગતો બહાર આવી નથી. એક્સપાયરી ડેટનો સરસામાન લેતા પહેલા દુકાનદારે પણ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ તેવો મત વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આગળની તપાસ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચાલી રહી છે.

સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે આગામી ગણેશ ઉત્સવ તહેવારને અનુલક્ષીને નાયબ પોલીસ અધિક્ષક નિઝર વિભાગના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના શાંતિ સમિતિના સભ્યો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત ગણેશ વિસર્જન શોભાયાત્રા દરમિયાન સરકાર અને વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સ તથા જાહેરનામાઓનું તમામ નાગરિકો દ્વારા ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરાઈ હતી. સોનગઢ નગરના હિન્દુ અને મુસ્લિમ સમાજના અંદાજે ૩૫ જેટલા હોદ્દેદારો અને આગેવાનોએ આ બેઠકમાં હાજરી આપી સહયોગની ખાતરી આપી હતી.

SELFIE WITH GANESHA
ગુજરાતમિત્ર

તમે અમને સેલ્ફી મોકલી શકો છો
gujaratmitra

સત્યાંશી જૈમિન શુક્લ, રાજલક્ષ્મી સોસાયટી, નવસારી

આકાશ, હવેલી મોહલ્લો, સંતોષી માતા મંદિર, નવસારી

જયેશ પટેલ, ભવાની ગ્રુપ, સાયણ

ધૈર્ય આશિષ નાયક, જલારામ મંદિર, બારડોલી

દિવ્યેશ પટેલ,જોરાવાસણ, નવસારી